**આંક:–**

- રજુ તારીખ : ૩૦/૦૭/૨૦૨૫.
- દાખલ તારીખ : ૩૦/૦૭/૨૦૨૫.
- ફેસલ તારીખ : ૦૯/૦૭/૨૦૨૬.
- સમયાંતર:**૦૦**–વર્ષ, **૧૧**–માસ, **૦૯**–દિવસ.

**ધારીના મહે. પ્રિન્સીપાલ (સીની.) સીવીલ જજ અને એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ. મુકામ–ધારી.**

**ફોજદારી કેસ નંબર–૫૩૩/૨૦૨૫.**

ફરીયાદી:– શ્રી સરકાર.

**વિરૂધ્ધ.**

આરોપીઓ :– **૧..** **સાહીલશા ઈકબાલશા શાહમદાર,**
**ઉ.વ.૨૩, ધંધો–ખેતી.**
**૨..** **ઈકબાલશા હુશેનશા શાહમદાર,**
**ઉ.વ.૫૦, ધંધો–ડ્રાઈવીંગ.**
**૩..** **હમીદાબેન વા/ઓ ઈકબાલશા શાહમદાર,**
**ઉ.વ. ૪૬, ધંધો–ઘરકામ,**
**રહે. તમામ ધરાનગર હુડકો પોલીસ લાઈન,**
**તા.જી.જુનાગઢ.**

**ગુન્હો:– બી.એન.એસ.ની કલમ–૮૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબ....**

- ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રીબી. કે. ચૌધરી.
- આરોપીપક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રીએસ.જે. સૈયદ.

**–:: જજમેન્ટ ::–**

(૧).. આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ ૧ /૬/૨૦૨૨ ના કલાક ૧૧–૦૦ થી તારીખ ૧૦/૦૨/૨૦૨૫ ના કલાક ૧૪–૦૦

વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે આ કામના આરોપીઓએ ફરિયાદી સલમાબેન વાઈફ઼ ઓફ઼ સાહીલશા ઈકબાલશા શાહમદારને નાની નાની વાતોમા ત્થા ઘરના કામ સબબ મેણાટોણા મારી ફરિયાદીને ગયાળો આપી, શારીરીક અને માનસિક ત્રમાસ આપી તેમજ આરોપી નં.૧ નાઓએ ફરિયાદીને મુંઢ માર મારી તેમજ ફ઼ોનમા ફરિયાદીને ત્થા સાહેદ અફ઼ઝલભાઈને ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુન્હો કરેલ હોવાની વિગતવારની ફરિયાદ આ કામના ફરિયાદી : સલમાબેન વાઈફ઼ ઓફ઼ સાહીલશા ઈકબાલશા શાહમદાર, રહે.હાલ ધારી, હીમખીમડીપરા, તા. ધારી, મુળ રહે. ધરાનગર, હુડકો પોલીસ લાઈનની પાછળ, તા.જી.જુનાગઢ નાઓએ નોંધાવતા, **ધારી** પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર્ડ નંબર**–૧૧૧૯૩૦૧૮૨૫ ૦૦૫૫/૨૦૨૫** થી ફરિયાદ રજીસ્ટરે લઈ તપાસનીશની તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના સબબનો પુરતો પુરાવો મળી આવતા ઈન્સાફ઼ થવા સારુ આ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨).. આ કામના આરોપીઓ સામેનુ ચાર્જશીટ રજુ થતા આરોપીઓના ઉપરોકત ગુનાનુ સંજ્ઞાન લઈ આરોપીઓને સમન્સ કરવામાં આવેલ જેના અનુસંધાન માં આરોપીઓ અદાલતમાં હાજર રહેલા અને ત્યારબાદ સી. આર. પી. સી. કલમ–૨૦૭ અન્વયે આરોપીઓને સી. આર. પી. સી. કલમ–૧૬૧ તથા ૧૭૩ મુજબના પોલીસ કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, આંક**–૦૮** થી તહોમતનામુ ફરમાવી, આંક**–૦૯** થી આંક**–૧૧** સુધી આરોપીઓનો જવાબ રેકર્ડ કરતા આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

ત્યારબાદ ચાલુ ટ્રાયલ દરમ્યાન પક્ષકારો વચ્ચે ઘરમેળે, રાજીખુશીથી સમાધાન થઈ જતા આંક**–૧૨** થી સમધાન કરવા અરજી રજુ કરવામા આવતા સમાધાન લાયક ગુન્હામા સમાધાન રેકર્ડ કરી બીનસમાધાન લાયક ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલી.

(૩).. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

- આંક–૧૩ થી ફરિયાદી સલમાબેન સાહીલશા શાહમદાર ની જુબાની.
- આંક–૧૪ થી ફરિયાદની નકલ.

(૪).. ત્યારબાદ એ.પી.પી.શ્રીએ આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલાનુ મૌખિક રીતે જાહેર કરેલ છે, તથા આંક**–૧૫** થી ફરિયાદપક્ષે કલોઝીંગ પુરશીશ આપી વિશેષ પુરાવો આપવા માંગતાં નથી તેવુ જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓનો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનો વિશેષ જવાબ નોંધવા પાત્ર પુરાવો ના હોય વિશેષ જવાબ નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓની વિગતવારની દલીલો સાંભળવામા આવેલી.

(૫).. રજુ થયેલ પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ઘ્યાને લેતા આ કેસના આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ઓ ::–**

૧.. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ છે કે, તારીખ ૧/૬/૨૦૨૨ ના કલાક ૧૧–૦૦ થી તારીખ ૧૦/૦૨/૨૦૨૫ ના કલાક ૧૪–૦૦ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે આ કામના આરોપીઓ એ ફરિયાદી સલમાબેન વા/ઓ સાહીલશા ઈકબાલશા શાહમદારને નાની નાની વાતોમા ત્થા ઘરના કામ સબબ મેણાટોણા મારી ફરિયાદીને ગયાળો આપી, શારીરીક અને માનસિક ત્રમાસ આપી તેમજ આરોપી નં.૧ નાઓએ ફરિયાદીને મુંઢ માર મારી તેમજ ફોનમા ફરિયાદીને ત્થા સાહેદ અફઝલભાઈ ને ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુન્હો કરવામા એકબીજાને મદદગારી કરી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ**–૮૫, ૧૧૫ (૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪** મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨.. શું હુકમ ?

(૬).. ઉપરોકત મુદૃાઓ પરત્વે આ કેસના ન્યાયીક નિર્ણયો નીચે મુજબના કારણોસર નીચે પ્રમાણે આપુ છુ.

**–:: નિ ર્ણ ય ::–**

૧.. '' નકારાત્મક ''
૨.. '' આખરી હુકમ મુજબ ''

**–:: કા ર ણો ::–**

**મુદૃા નંબર–૧ ની ચર્ચા:–**

(૭).. ફરિયાદપક્ષ તરફે આંક**–૧૩** થી ફરિયાદી સલમાબેન સાહીલશા શાહમદાર નાઓને સોગંદ ઉપર તપાસવાા આવેલા છે જેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, મારા લગ્ન આ કામના આરોપી નં.૧ શાહીલશા સાથે સમાજના રીત રીવાજ મુજબ તારીખ ૩૧/૩/૨૨ ના રોજ થયેલા, આ લગ્ન જીવન દરમ્યાન મારે સં તાનમા એક દિકરો સેહાબ છે જે હાલ– ૨ વર્ષનો છે. લગ્ન બાદ હુ મારી સાસરીમા મારા પતિ ત્થા મારા સાસુ રસીદાબેન ત્થા મારા સસરા ઈકબાલશા સાથે સંયુકત કુટું બમા રહેતી હતી. લગ્ન બાદ થોડોક સમય સુધી મારો ઘરસંસાર સારો ચાલેલો ત્યારબાદ અવાર નવાર મારા પતિ ત્થા મારા સાસુ–સસરા સાથે મારે ઘરકામ બાબતે અને અન્ય બાબતે બોલાચાલી થતી હતી જેથી હું મારા પિયર જતી રહેલી અને ત્યારબાદ મારા સાસરીયાઓ મને પરત તેડી ગયેલા. ત્યારબાદ ફરીથી મારા પતિ અને સાસુ, સસરાએ ઘરકામ બાબતે મારી સાથે બોલાચાલી કરતા હું મારા પિયર જતી રહેલી અને ત્યારબાદ મે હાલની ફરિયાદ આપેલી, આરોપીઓ વિરુઘ્ઘ મે ધારી પો.સ્ટે.મા ફરિયાદ આપેલી તેમ જણાવી ફરિયાદની નકલમા તેમની સહી ઓળખી બતાવી આંક–૧૪ થી રજુ રાખેલ છે. આ સિવાય બનાવમા બીજુ કંઈ બનેલ નહી, મને આરોપીઓએ મેણાટોણા મારી, માર મારેલ હોય તેવુ કાંઈ બનેલ નહી.

આ સાહેદે તેમની ફરિયાદ હકીકતને સમર્થન નહી આપતા એ.પી.પી. શ્રી એ **ફરી ગયેલા સાહેદ** જાહેર કરી અદાલતની પરવાનગીથી વિગતે ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકયા નથી.

આ સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ **ઉલટ તપાસ** ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ કામે આરોપીઓ સાથે મારે સમાધાન થઈ ગયેલ છે, બનાવ વખતે આરોપીઓએ મને માર મારી શારીરીક, માનસિક દુ:ખત્રાસ આપેલ હોય તેવુ કાંઈ બનેલ નહી, છેલ્લા એકાદ વર્ષથી હુ મારી સાસરીમા મારા પતિ સાથે સારી રીતે રહેતી આવેલી છુ.

આમ, ફરિયાદીની ફરિયાદ, સરતપાસ તથા ઉલટ તપાસ એકી સાથે વંચાણે લેતાં હાલના આરોપીઓએ ફરિયાદીના કથન મુજબનો ગુન્હો આચરેલ હોવાનુ શંકા રહીત ખુલવા પામતું નથી.

(૮).. બંને પક્ષની દલીલો તથા રજુ થયેલ સમગ્ર: પુરાવો વંચાણે લેતાં, તારીખ ૧/૬/૨૦૨૨ ના કલાક ૧૧–૦૦ થી તારીખ ૧૦/૦૨/૨૦૨૫ ના કલાક ૧૪–૦૦ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે આ કામના આરોપીઓ એ ફરિયાદી સલમાબેન વા/ઓ સાહીલશા ઈકબાલશા શાહમદારને નાની નાની વાતોમા ત્થા ઘરના કામ સબબ મેણાટોણા મારી ફરિયાદીને ગયાળો આપી, શારીરીક અને માનસિક ત્રમાસ આપી તેમજ આરોપી નં.૧ નાઓએ ફરિયાદીને મુંઢ માર મારી તેમજ ફોનમા ફરિયાદીને ત્થા સાહેદ અફઝલભાઈ ને ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુન્હો કરવામા એકબીજાને મદદગારી કરી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ**–૮૫, ૧૧૫ (૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪** હેઠળ શિક્ષા પાત્ર ગંભીર ગુન્હો કરેલ હોવાના કોઈ જ તત્વો પડેલ પુરાવા ઉપરથી ફલિત થતા નથી.

(૦૯).. આ કામના આરોપી ઉપર ફોજદારી ગુનાનુ તહોમત હોય, ક્રિમીનલ

જયુરીસ્પ્રુડન્સ મુજબ ફોજદારી કામમાં ફરીયાદપક્ષની એ મૂળભૂત ફરજ બની રહે છે કે આરોપી સામેનો કેસ સબળ, સચોટ, વિશ્વસનીય અને આધારભૂત પુરાવાથી કેસ પુરવાર કરે. સદરહું કેસમાં ફરીયાદપક્ષ આવો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ હોય તેવા સંજોગોમાં એકમાત્ર ફરિયાદીની ફરિયાદના આધારે હાલના કેસની હકીકતો જોતા અને આ અંગે સેટલ લો ને ધ્યાન સમક્ષ રાખી આરોપીને સજા કરી શકાય નહી તેવુ મારુ વિનમ્રપણે માનવુ છે.

(૧૦).. પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ જો વધુ પોલીસ સાક્ષીઓ તપાસવાથી કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોય તો તેવા સાક્ષીઓને તપાસી અને કોર્ટનો મુલ્યવાન સમય બગાડવો જોઈએ નહિં. તેને અનુસરી અને આ કેસમાં વધુ સાહેદોને તપાસવાથી પણ કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોવાથી વધુ સાહેદોને ન તપાસી અને જુબાનીનુ પુનરાવર્તન ટાળી, કોર્ટનો મુલ્યવાન સમય બચાવેલ છે. આ કામમાં સદરહું કારણસર અન્ય, પંચ, સાહેદો તથા પોલીસ સાહેદોને ન તપાસીને કોર્ટનો મુલ્યવાન સમય બચાવેલ છે તેથી માત્ર ચાર્જશીટના આધારે જ આરોપીને સજા કરી શકાય નહી. કેમ કે આરોપી વિરૂધ્ધ સાબિત માની શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી.

આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ ઠરાવી મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર–ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–:: હુ ક મ ::–**

૧.. આ કામના આરોપી નંબર–**૧. સાહીલશા ઈકબાલશા શાહમદાર, ર.ઈકબાલશા હુશેનશા શાહમદાર, ૩. હમીદાબેન વા/ઓ ઈકબાલશા શાહમદાર,** રહે. તમામ ધરાનગર હુડકો પોલીસ લાઈન, તા.જી.જુનાગઢવાળાઓને બી.એન.એસ.

એસ. ની કલમ – **૨૭૧** હેઠળ તેમની સામેના બી.એન.એસ.ની કલમ–**૮૫, ૧૧૫ (૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪** મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨.. આ કામના આરોપીઓએ અગાઉ આપેલ જામીન ૬(છ) મહીના માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ **: ૦૯મી,** માહે **: જુલાઈ,** સને **: ૨૦૨૬** ના રોજ આ જજમેન્ટ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

ધારી.

તા. ૦૯/૦૭/૨૦૨૬.

**મુ.ધારી.**

**(MOHMADSARIK MUDASARALI SAIYED)**
Principal Sn. civil judge &
Addil. Chief Judicial Magistrate,
Dhari. Code: GJ 01103